# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**પરિપત્ર નંબર :– ૧૨૨ /૨૦૧૭**

**વિષય :– શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮ થી અનુસ્નાતક કેન્દ્રના મુલાકાતી અધ્યાપકોના બીલો અંગે.**

આથી આ યુનિવર્સિટીના વિભાગીય વડા/ કો.ઓર્ડિનેટરશ્રીઓને જણાવવાનું કે, નવા શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૧૮ થી તાસ લેવા માટે આવતા મુલાકાતી અધ્યાપકોના અધ્યાપન કાર્યના બીલો સત્ર પૂર્ણ થયેથી એક માસમાં યુનિવર્સિટીમાં ચૂકવણા માટે મોકલી આપવા વિનંતી.

અનુભવે એવું ધ્યાન પર આવેલ છે કે, મુલાકાતી અધ્યાપકોના બીલો જે–તે વર્ષમાં મૂકવાને બદલે શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયા બાદ ઘણા વિલંબે રજૂ કરવામાં આવે છે. પરિણામે હિસાબો સરભર કરવામાં / રજૂ કરવામાં ઘણી તકલીફ પડે છે. અને ઓડિટના પ્રશ્નો પણ ઉદ્ભવે છે.

ઉપરોકત બાબતને ધ્યાને લઈ સત્રના અંતે નિયત નમૂનામાં વિગતો સહ બીલો યુનિવર્સિટી કાર્યાલયમાં દિન–૧૦ માં જમા કરાવવાનું રાખશો. અન્યથા સમય મર્યાદા બાદ બીલો સ્વીકારવામાં આવશે નહી અને પરિણામે બીલોના ચૂકવણા સંદર્ભે ઉભી થનાર મુશ્કેલી અંગેની જવાબદારી જે–તે વિભાગ/ કોઓર્ડિનેટરશ્રીની રહેશે, જે વિદિત થાય.

(ડૉ.ડી.એમ.પટેલ)
કા.કુલસચિવ

નં. એકે/અનુ/મુ.અ./૩૯૦૯/૨૦૧૭
તા. ૧૩ /૦૬/૨૦૧૭

પ્રતિ,

(૧) યુનિવર્સિટી ભવનના વિભાગીય વડા/ કો.ઓર્ડિનેટરશ્રીઓ તરફ

(૨) સીસ્ટમ એનાલીસ્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, વેબ સાઈટ પર મૂકવા સારૂ.

(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી/ મહેકમ અધિકારીશ્રી,